ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ૪થો દીક્ષાંત સમારોહ તા.૩૧મીએ યોજાશે

આ સમારોહમાં શ્રેષ્ઠ બાળગુરુ અને શ્રેષ્ઠ બાળવાટિકાને ગિજુભાઈ બધેકા એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજયના રાજયપાલશ્રી અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીની અધ્યક્ષતામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૪થા દીક્ષાંત સમારોહ અને૧૪મા સ્થાપના દિનની ઉજવણીનું આયોજન ૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સાબરમતી હોલ, સ્વર્ણિમ સંકુલ ૧, ગાંધીનગર ખાતે સવારે ૧૧ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયાજી તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ ઉપસ્થિત રહેશે.આ પ્રસંગે જાણીતા શિક્ષણવિદ્ ડૉ.ભદ્રાયુ વછરાજાની'શ્રી નરેન્દ્ર મોદી પ્રેરણાત્મક વ્યાખ્યાન માળા' હેઠળ પ્રથમ વ્યાખ્યાન આપશે. આ સમારોહમાં પીએચડી, પીજી અને પીજી ડિપ્લોમા સહિતના વિવિધ અભ્યાસક્રમોના ૯૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે, જેમાં ચાર ઉત્કૃષ્ટ પીજી વિદ્યાર્થીઓને તેમની અસાધારણ સિદ્ધિઓ અને તેમના અભ્યાસના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન માટે ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

નવીન શિક્ષણને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગુજરાતમાં પ્રારંભિક બાળશિક્ષણના ક્ષેત્રમાં બે નવીન પ્રકલ્પોનું વિમોચન પણ આ પ્રસંગે કરવામાં આવશે. આ સાથે રાષ્ટ્રના સર્વશ્રેષ્ઠ બાળગુરુ અને બાળવાટિકાને ગિજુભાઈ બધેકા એવોર્ડથી સન્માનિત કરવાનો પણ ઉપક્રમ આ ઉજવણીમાં સામેલ છે. આ પ્રસંગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળ બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલારૂપેચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્કનું ગુજરાતી સંસ્કરણનું વિમોચન કરવામાં આવશે.જેનો ઉદ્દેશ્ય બાળકોના સર્વાંગી વિકાસ માટે રચનાત્મક પાયો નાખવાનો છે. વધુમાં, 'મજાનો ખજાનો'નું પણ વિમોચન કરવામાં આવશે. આ વિશિષ્ટ કીટ સગર્ભા માતાઓ, ૦-૩ વર્ષની વયના બાળકોના શ્રેષ્ઠ પાલન-પોષણ અને ૩-૬ વર્ષની વયના બાળકોના સર્વાંગી વિકાસના ધ્યેયને પૂર્ણ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. આ કિટમાં પુસ્તકો, યોગ, સંગીત સહિતના વિષયો પર આકર્ષક પ્રવૃત્તિઓ અને વિડીયો તેમજ રમકડાનો સામગ્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આ કિટની કલ્પના બાળકોના સર્વાંગી વિકાસ કરવા માટે સહાયરૂપ થવાની છે.

શ્રી જે.બી.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ અને સરિતાઉદ્યાનની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૨૭-૭-૨૦૨૩ને ગુરૂવારના રોજ ધોરણ-૩ના ૧૨૪ વિદ્યાર્થીઓ અને ત્રણ શિક્ષક મિત્રોએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ અને સરિતાઉદ્યાનની મુલાકાત સ્કૂલ બસ દ્વારા લીધી હતી. પોલીસ સ્ટેશનની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કામગીરીની માહિતી સરસ રીતે સમજાવવામાં આવી. ત્યારબાદ પોસ્ટ ઓફિસની મુલાકાત દરમ્યાન પોસ્ટકાર્ડ, ટિકિટ અને કવરની માહિતી આપવામાં આવી અને પાસપોર્ટની સમજણ આપવામાં આવી. બાળકોને પોસ્ટ ઓફિસમાં ચોકલેટ આપવામાં આવી. સરિતાઉદ્યાનમાં નાસ્તા સાથે વિવિધ રાઈડ્સમાં મુક્ત મને રમતો રમ્યા હતા.

એરફોર્સ - મધર્સ ટચ સ્કૂલ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી

ભારતીય લશ્કરના જવાનોએ કારગીલ પર હાંસલ કરેલા વિજયની યાદમાં એરફોર્સ - મધર્સ ટચ સ્કૂલ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી. આ અવસરે દેશની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા બહાદુર જવાનોના બલિદાનને પણ સ્કૂલનાં ડિરેક્ટર માહી સિંઘ, પ્રિન્સિપાલ બંદના ચૌધરી, રીતુ જોશી, કુમકુમ, દેવલ દેસાઈ, રાધા, ચંદ્રવી, મેઘા જોશી અને મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા શ્રદ્ધાંજલી અપાઈ હતી અને સ્કૂલનાં બાળકોએ પર્ફોર્મન્સ રજુ કર્યું હતું.

પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ૩ મહિનો બ્યુટી પાર્લર નો નિઃશુલ્ક તાલીમ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦થી પણ વધારે બહેનોએ તાલીમ આપવામાં આવી અને આજે સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું જેમાં વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર શ્રીમતી શૈલાબેન ત્રિવેદી હાજર રહ્યા હતા.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ખાતે કાવ્યનું સ્વરૂપ અને વિભાવના વિશે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યનું સ્વરૂપ અને તેની વિભાવનાની જાણકારી મળી રહે તે હેતુથી તા.૨૭ જુલાઈ ના રોજ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમના આરંભે નરેન્દ્રભાઈ નાયીએ મોહનલાલ પટેલના જીવન અને કવનની માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાન કવિ શૈલેષભાઈ પંડ્યાએ કવિતા એટલે શું? કાવ્યના વિવિધ પ્રકારો કાવ્યમાં ધ્વનિનું મહત્ત્વ વિગેરે વિશેની ઝીણવટપૂર્વક રજૂઆત કરી વિવિધ કવિઓની કવિતાઓનું તેમજ પોતાની સ્વરચનાઓનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રોફેસર ડૉ.વીણાબેન પટેલ, એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના એચ.ઓ.ડી. ડૉ.સુનીતાબેન લીલાણી, ગ્રંથપાલ સુરજીતભાઈ વાઘેલા તેમજ કેમ્પસની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની જીનલ દેસાઈએ કર્યું હતું.

પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

એન.એસ.એસ. વિભાગ દ્વારા શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરમાં એન.એસ.એસ. સ્વયંમ સેવિકાઓ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ૧૦૦ જેટલી એન.એસ.એસ.ની સ્વયંમ સેવિકાઓ હાજર રહી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી સાહેબે વિદ્યાર્થીનીઓને એન.એસ.એસ. વિશે માહિતી આપી હતી. ચૌધરી બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. દિનેશભાઈ પટેલે કાર્યક્રમને અનુરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તારાબેન દેસાઈએ સંચાલન કર્યું હતું.

સ્વામિનારાયણ મંદિર વાવોલ મહિલા મંડળ દ્વારા આયોજિત હિંડોળા ઉત્સવમાં સૂકા મેવા ના હિંડોળા દર્શન યોજાયા હતાં.

હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત કથાના ત્રીજા દિવસની કથાનું ગાંધીનગર વાસીઓએ રસપાન કર્યું હતું.

શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે અધીક માસ શ્રાવણ સુદ ૯ ગણગૌર સવારીના દર્શન યોજાયા હતાં.

આજે સેકટર-૨૯માં સુંદરકાંડના પાઠ

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ યોગી ની વ્યાસપીઠે આજે તા. ૨૯ શનિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે, પ્લોટ નં.૨૬૪, શ્રી રોહન પેલેસ, આયુર્વેદિક કલીનિકની સામે ગાંધીનગર ખાતે શ્રી રજનીકાંતભાઈ સુથારના યજમાનપદે યોજશે.

રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા રમતગમતનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

પ્રતિભા એકેડેમી તથા રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા સર્વોદય વિધાલય, રાયસણ ખાતે આર્ચેરીની રમતના નિઃશુલ્ક કેમ્પનુ આયોજન કરેલ છે. આ કેમ્પમા ૫૦ જેટલી વિધાર્થીઓ તાલીમ લઈ રહી છે. કેમ્પમા પ્રતિભા એકેડેમીના ફાઉન્ડર ગૌરાંગ ભાઈ રાણાના માગેદર્શન હેઠળ હેઠળ કુમારી અનેરી પટેલ દ્વારા તાલીમ આપવામા આવે છે. તાલીમ પામેલ દરેક વિધાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામા આવશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ હીરાબેન બળદેવભાઈ** ઉ.વ.૮૧, ગાંધીનગર
- **સ્વ.કારીયા ઉષા લક્ષ્મીદાસ** ઉ.વ.૮૪, અડાલજ
- **સ્વ.ત્રિપાઠી પરનમતીબેન રામાગ્યા** ઉ.વ.૬૮, ગાંધીનગર
- **સ્વ.વણઝારા કાળુજી જેઠાજી** ઉ.વ.૩૬, ધોળાકુવા
- **સ્વ.જાદવ શકરાજી સોમાજી** ઉ.વ.૮૩, પીરોજપુર
- **સ્વ.દેસાઈ શંકરભાઈ વશરામભાઈ** ઉ.વ.૮૩, ગાંધીનગર

જન્મદિને વધામણી

એન.પી.પટેલ
પ્રમુખ-કલાગુર્જરી
મો : ૯૯૨૫૦ ૩૨૬૧૮

નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫

હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦

ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮

રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧

અલ્પેશ કાનુગા

ભગવતીબેન પટેલ
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨

સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨

નિસર્ગ ભરતભાઈ ગાંગાણી
મો. ૯૦૧૬૩ ૫૮૧૪૯

મંથન એમ.મકવાણા

રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦

ઋષિકેશ માંડલીયા
મો. ૮૧૪૦૧ ૦૪૨૦૩

ચંચળબા પ્રાથમિક વિદ્યામંદિર ખાતે કેશગુંથન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

બા શ્રી ચંચળબા પ્રતાપસિંહજી વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર કોલવડા ખાતે યોજાયેલ કેશગુંથણ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ પોતાની આવડતથી હેર-સ્ટાઈલ કરી હતી. શાળાના શિક્ષિકા વાઘેલા એકતાબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રથમ નંબરે ઝાલા કોમલ કે. અને દ્વિતિય નંબરે પ્રજાપતિ સૃષ્ટિ સી. અને તૃતિય નંબર ઠાકોર નેહલ જે. ને જાહેર કર્યા હતા. શાળાના આચાર્યા શ્રીમતી રીટાબેન વાઘેલાએ વિજેતા બાળકોને અભિનંદન આપ્યા હતા.